**(30)**

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૮)**

૧. **દુરુહીને પૂર્વ તથા ઉત્તર દિસિ પલ્યાંકાદિ આસને બેસીને કરયલ સંપરિગ્ગહિયં સિરસાવત્તં** મત્થએ

૨. અદિટ્ઠહડાએ **દગ સંસટ્ઠહડાએ રય સંસટ્ઠહડાએ પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ** ઓહાસણ

૩. અભગ્ગો **અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ** અરિહંતાણં

૪. ભક્ખણ વિહિં **ઓદણ વિહિં સૂવ વિહિં વિગય વિહિં સાગ વિહિં** માહુરય વિહિં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. નિ:શલ્ય થઈને | **ત્રણે પ્રકારના શલ્ય રહિત થઈને** | **સંથારામાં** |
| ૨. વઈક્કંતો | **વ્યતીત થયો છે** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૩. નિવ્વાણ મગ્ગં | **નિર્વાણનો માર્ગ છે, પરમ શાંતિનો માર્ગ છે** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. પરિયટ્ટણા | **શીખેલું સંભાળવું** | **ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં** |
| ૫. વાવન્ન | **જ્ઞાન–દર્શન–ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય તેની તેમ જ** | **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. સળેખમ થાય | **સંભિમં** | **સંથારામાં** |
| ૨. વચનના દંડથી | **વય દંડેણં** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૩. જેમ તેમ | **અણવટ્ઠિયસ્સ** | **સામાયિકના આઠમા પાઠમાં, નવમા વ્રતમાં** |
| ૪. નિંદા કરીને | **નિંદિય** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૫. કઠોળની જાત માપની મર્યાદા | **સૂપ વિહિં** | **સાતમા વ્રતમાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. જીવોના ઉત્પન્ન થવાના સ્થાન કેટલા છે? જીવાયોનિ કેટલી છે? શા માટે? યોનિ કયા જીવોની હોય છે?

**જ. જીવોના ઉત્પન્ન થવાના સ્થાન અનંતા છે. જીવાયોનિ ૮૪ લાખ છે કારણ કે જે જીવાયોનિ વર્ણ, ગંધ,રસ, સ્પર્શ કે આકારમાં સરખી હોય તેને એક જ સ્થાન/ભેદમાં ગણવામાં આવે છે. યોનિ માત્ર પર્યાપ્તા બાદર જીવોની જ બતાવી છે.**

૨. અરિહંત અને સિદ્ધમાં કર્મ, જીવના ભેદ,આયુષ્ય અને ગુણના આધારે તફાવત લખો.

**જ.**

| | **અરિહંત** | **સિદ્ધ** |
|---|---|---|
| **કર્મ** | **ચાર ઘાતી કર્મનો ક્ષય કર્યો છે ચાર અઘાતી કર્મ હોય છે.** | **આઠે કર્મ ક્ષય કરેલ છે.** |
| **જીવના ભેદ** | **સંસારીના ભેદમાં** | **સિદ્ધના ભેદમાં** |
| **આયુષ્ય** | **જ. ૭૨ વર્ષ ઉ. ૮૪ લાખ પૂર્વ** | **આયુ કર્મ રહિત, સ્થિતિ સાદિ અનંત** |
| **ગુણ** | **૧૨ વિશિષ્ટ ગુણ ધરાવે છે** | **૮ કર્મ ક્ષયથી ૮ ગુણ ધરાવે છે.** |

૩. નિર્ગ્રંથ પ્રવચનમાં કેટલી અને કઈ વસ્તુનો સ્વીકાર કરવાનો છે?

**જ. ૮, સંયમ, બ્રહ્મચર્ય, કલ્પનીય, જ્ઞાન, ક્રિયા, સમકિત, સદ્‌બોધ, મોક્ષમાર્ગનો સ્વીકાર કરવાનો છે.**

૪. હાલમાં તીર્થંકર ક્યાં છે? કેટલા છે? કેવી રીતે?

**જ. હાલમાં તીર્થંકર પાંચ મહાવિદેહમાં છે. તે ૨૦ છે. જંબૂદ્વીપના એક મહાવિદેહમાં ચાર–વિજય ૮,૯,૨૪,૨૫ ૧ થી ૪ તીર્થંકર, ધાતકીખંડના ૨ મહાવિદેહમાં આઠ–૫ થી ૧૨ તીર્થંકર, અર્ધપુષ્કરદ્વીપના ૨ મહાવિદેહમાં આઠ–૧૩ થી ૨૦.**

૫. પચ્ચકખાણમાં કયા કયા આગાર રાખવામાં આવે છે? આગારના માત્ર નામ લખો. અર્થ નહિ.

**જ. પચ્ચકખાણમાં ચાર આગાર રાખવામાં આવે છે–અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં.**

**૬. માત્ર સંખ્યા લખો.**

**જ.** પિંડવિશુદ્ધિ – ૪, વૈયાવચ્ચ – **૧૦**, તીર્થંકરની ઉત્કૃષ્ટ સંખ્યા – **૧૭૦**, આચાર – **૫**

(૫૦)

**પ્ર.૨ (અ) ગતાગતિના આધારે જવાબ લખો. (૨૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૮)**

| | જવાબ |
|---|---|
| ૧. બે નરકના નીકળેલા શું થઈ શકે? | **બળદેવ, વાસુદેવ** |
| ૨. આગતિ અને ગતિ સરખી હોય તેવા ભેદ કયા છે? | **૩ વિકલેન્દ્રિય** |
| ૩. અપર્યાપ્તા જીવ મરીને શું થતા નથી? | **નારકી, દેવ, જુગલિયા, કેવળી** |
| ૪. જેની ગતિ ૧૦૨ ભેદની હોય તેની આગતિ કેટલી? માત્ર સંખ્યા લખો. | **૨૫ ભેદની** |
| ૫. એકાંત સમકિતી કોણ? | **૫ અનુત્તર વિમાનના દેવો** |
| ૬. કોની આગતિ ૩૭૧ ભેદની છે? | **મિથ્યાત્વ, સ્ત્રીવેદ, પુરુષવેદ** |
| ૭. જેની ગતિ ૭૦ ભેદની હોય તેવા બોલ લખો. | **બળદેવ, સાધુ** |
| ૮. સાતમી નરકે કોણ ન જાય? સાતમી નરકમાંથી ક્યાં ન જવાય? | **સ્ત્રી, મનુષ્ય** |

**(૨) નીચેના બોલની વિસ્તારથી ગતાગત લખો. (૧૫)**

૧. લાંતક – **આગતિ ૨૦ ભેદની ૧૫ કર્મભૂમિના મનુષ્યની, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના પર્યાપ્તાની.**
**ગતિ ૪૦ ભેદની ૧૫ કર્મભૂમિના મનુષ્યની, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૦ ભેદની.**

૨. સમડી – **આગતિ ૨૬૭ ભેદની ૭ નરકના પર્યાપ્તા, ૧૭૯ ની લટ (૪૮ ભેદ તિર્યંચના, ૧૦૧ સંમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા), ૮૧ દેવના પર્યાપ્તા (૯ મા દેવલોકથી ૫ અનુત્તર વિમાન એ ૧૮ ભેદના પર્યાપ્તા વર્જીને).**
**ગતિ ૫૧૯ ભેદની તે જીવના ૫૬૩ ભેદમાંથી ૪ થી ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૮ તથા ૧૮ જાતિના દેવના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૩૬ કુલ ૪૪ ભેદ વર્જીને.**

૩. ઈરવતક્ષેત્રના મનુષ્ય – **આગતિ ૨૭૬ ભેદની ૬ નરકના પર્યાપ્તા, ૧૭૧ ની લટ (૧૭૯ ની લટમાંથી તેઉ વાઉના ૮ વર્જીને), ૯૯ દેવના પર્યાપ્તા.**
**ગતિ ૫૬૩ ભેદની અથવા મોક્ષની.**

૪. સમકિતદષ્ટિ – **આગતિ ૩૬૩ ભેદની ૭ નરકના પર્યાપ્તા, ૪૦ તિર્યંચના (૪૮ ભેદમાંથી તેઉ–વાઉના ૮ ભેદ વર્જીને), ૨૧૭ મનુષ્યના (૧૦૧ સંમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા), ૯૯ દેવના પર્યાપ્તા.**
**ગતિ ૨૮૨ ભેદની ૬ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ૧૮ તિર્યંચ (૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ૫ અસંજ્ઞી પંચેન્દ્રિયના અને ૩ વિકલેન્દ્રિયના એ ૮ ના અપર્યા.), ૯૦ મનુષ્યના (૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ એ ૪૫ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા), ૮૧ દેવના પર્યાપ્તા (૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી ૧૮ વર્જીને).**

૫. તમસ્પ્રભા – **આગતિ ૧૬ ભેદની ૧ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યા. (જળચર), ૧૫ કર્મભૂમિના મનુષ્યના પર્યાપ્તાની.**
**ગતિ ૪૦ ભેદની ૧૫ કર્મભૂમિના મનુષ્યની, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૦ ભેદની.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અંતરદ્વીપના મનુષ્યો જ. ........ ઉ. ........ સુધી ઉપજે. | **ભવનપતિ, વાણવ્યંતર** |
| ૨. બળદેવની પદવીમાં ........ નથી, માટે તે પદવી ........ છે. | **મરતા, અમર** |
| ૩. ........ અને ......... માંથી નીકળેલો જીવ તિર્યંચના ભવમાં સમકિત પામે નહિ. | **તેઉ, વાઉ** |
| ૪. ૬૪ જાતિના દેવ ........ પાણીમાં અને ........ વનસ્પતિમાં ન ઉપજે. | **ખારા, કડવી** |
| ૫. માંડલિક રાજાની આગતિ ........ અને ગતિ ........ છે. | **૨૭૬, ૫૩૫** |

**(આ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** **(૭)**

૧. એક મહાવિદેહમાં વાસુદેવની સંખ્યા કેટલી?

**જ. એક મહાવિદેહમાં વાસુદેવ જ.૪ અને ઉ. ૨૮.**

૨. ભરતમાં તીર્થંકર કેવી રીતે થાય છે? તેમનામાં શું સમાનતા હોય છે?

**જ. ભરતમાં તીર્થંકર ક્રમથી થાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં સમાનતા હોય છે.**

૩. પદવીના ભવમાં નિયમા દીક્ષા ન કોણ લે અને કોણ લે?

**જ. પદવીના ભવમાં નિયમા દીક્ષા વાસુદેવ-પ્રતિવાસુદેવ ન લે અને તીર્થંકર-બળદેવ નિયમા દીક્ષા લે.**

૪. ૫ ભરતમાં અવસર્પિણીકાળમાં કુલ તીર્થંકર અને કુલ ચક્રવર્તી કેટલા?

**જ. ૫ ભરતમાં અવસર્પિણીકાળમાં કુલ તીર્થંકર ૧૨૦ અને કુલ ચક્રવર્તી ૬૦ થાય.**

૫. ૬૩ શલાકા પુરુષો ભૂતકાળમાં ....... પામેલ હોય છે. ....... હોય છે.

**જ. સમકિત, પરિત્ત સંસારી.**

૬. નરેન્દ્ર કોને કહેવાય? શા માટે?

**જ. નરેન્દ્ર ચક્રવર્તીને કહેવાય કારણ કે નરમાં ઈન્દ્ર સમાન હોય છે.**

૭. બળદેવનું વર્ણન કરો.

**જ. વાસુદેવ અને બળદેવ બંને સગા ભાઈઓ હોય છે, પરંતુ બંનેના પિતા એક જ હોય અને માતા જુદી જુદી હોય છે. બળદેવ મોટાભાઈ અને વાસુદેવ નાના ભાઈ હોય છે.**

**(ઇ) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. કોની સાથે બોલવાનું છે? કોને કેવી રીતે દાન આપવાનું છે? કોનો સત્કાર કરવાનો છે?

**જ. સમકિતી સાથે બોલવાનું છે. મિથ્યાત્વીને ગુરુબુદ્ધિથી નહિ પણ અનુકંપાથી દાન આપવાનું છે. જૈન મુનિને હિતબુદ્ધિથી દાન આપવાનું છે. સમકિતીનો સત્કાર કરવાનો છે.**

૨. સમકિતી જીવ કેટલી સ્થિતિના કર્મ બાંધે છે? શેની વૃદ્ધિ થાય છે? કુટુંબનુ પાલનપોષણ કેવી રીતે કરે છે?

**જ. સમકિતી જીવ અંતઃક્રોડાક્રોડી સાગરથી વધુ સ્થિતિના કર્મ બાંધતો નથી. જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થાય છે. સમ્યગ્ દર્શન પ્રાપ્ત થતા તે જીવ પોતાનું કર્તવ્ય સમજીને કુટુંબનું પાલનપોષણ કરે છે, પરંતુ તેમાં માલિકીભાવ રાખતો નથી.**

૩. નિશ્ચયથી સમકિતી કોને કહે છે?

**જ. જેણે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર અને દર્શન મોહનીયની ત્રણ સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કર્યો હોય તેને નિશ્ચયથી સમકિતી કહે છે.**

૪. બીજું દૂષણ, ત્રીજું લિંગ, ચોથો વિનય, પાંચમું લક્ષણ, છટ્ઠો આગાર, સાતમો આચાર, આઠમી પ્રભાવના, નવમી રુચિ લખો. (માત્ર નામ)

**જ. બીજું દૂષણ-કંખા, ત્રીજું લિંગ-દેવ-ગુરુ વૈયાવચ્ચ, ચોથો વિનય-ઉપાધ્યાયનો વિનય કરે, પાંચમું લક્ષણ-આસ્થા, છટ્ઠો આગાર-દુર્ભિક્ષ, સાતમો આચાર-વાત્સલ્ય, આઠમી પ્રભાવના-કવિ પ્રભાવના, નવમી**

**રુચિ–સંક્ષેપ રુચિ.**

પ. સ્કંધ કેટલા છે? કયા કયા? તેનો સમાવેશ શેમાં થાય છે?

**જ. સ્કંધ ચાર છે. બ્રહ્મચર્ય, રાત્રિભોજન ત્યાગ, લીલોતરી ત્યાગ અને સચેત પાણી ત્યાગ. તેનો સમાવેશ વ્રત પ્રભાવનામાં થાય છે.**

**(૨) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. વૈયાવચ્ચી – **જૈનશાસનમાં ચતુર્વિધ સંઘની સેવા, વૈયાવચ્ચ કરે.**

૨. જીવ ભોક્તા છે – **જીવ આઠ કર્મોના ભોક્તા છે પણ અભોક્તા નથી. જીવ સુખ–દુ:ખનો કર્તા ને ભોક્તા છે.**

૩. અભિગમ રુચિ – **જેણે ૧૧ અંગ, પ્રકીર્ણક સૂત્ર, દૃષ્ટિવાદ આદિ શ્રુતજ્ઞાનના અર્થને જાણી લીધા છે તેને અભિગમ રુચિ કહે છે.**

૪. અમૂઢદષ્ટિ – **અન્ય ધર્મીઓના આડંબર અને ઘણા મતમતાંતરોના વિવાદાસ્પદ વિચારોને જોઈને દિગ્મૂઢ ન થવું, પરંતુ પોતાની શ્રદ્ધા મજબૂત કરી રાખવી.**

પ. વા વિ વાવન્ન – **સમકિતથી ભ્રષ્ટ થયેલા સ્વપાખંડીઓનો સંગ ન કરે.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયા પછી શું અભિગ્રહ ધારણ કર્યો?

**જ. આજથી જીવું ત્યાં સુધી છટ્ઠ છટ્ઠની તપસ્યા કરીને આત્માને ભાવિત કરતો રહીશ. પારણામાં પુષ્કરિણીના છેડાના ભાગમાં અચિત થયેલા સ્નાનના જળથી જીવનનિર્વાહ કરીશ.**

૨. થાવચ્ચા પુત્ર સાથે કેટલાએ દીક્ષા લીધી? તેમણે કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું? ક્યા પર્વત પરથી કાળ કરી ક્યાં ગયા?

**જ. થાવચ્ચા પુત્ર સાથે ૧૦૦૦ પુરુષોએ દીક્ષા લીધી. તેમણે અનેક વર્ષો સંયમનું પાલન કર્યું. પુંડરિક (શત્રુંજય) પર્વત પરથી કાળ કરી મોક્ષમાં ગયા.**

૩. મુદ્ગરપાણિ યક્ષે અર્જુનમાળીના શરીરમાં પ્રવેશ કર્યા પછી શું કર્યું? તેમનો જીવનક્રમ કેવો થઈ ગયો?

**જ. મુદ્ગરપાણિ યક્ષે અર્જુનમાળીના શરીરમાં પ્રવેશ કર્યા પછી તેના બધા બંધનોને તોડી નાંખ્યા. યક્ષ અંગ પ્રવિષ્ટ થયેલ તે અર્જુનમાળીએ ૧૦૦૦ પળ ભારવાળો મુદ્ગર ઉપાડી પોતાની પત્ની બંધુમતી અને ૬ પુરુષોને મારી નાંખ્યા. દરરોજ ૬ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરવી તેમનો જીવનક્રમ થઈ ગયો.**

૪. નંદ મણિયાર કેવી રીતે મિથ્યાત્વી બની ગયો?

**જ. અમુક કાળ સુધી સંતોનો સમાગમ છૂટી જવાથી, સંતોના દર્શન ન થવાથી, વીતરાગ વચન સાંભળવાની ઈચ્છા પણ ન થવાથી ધીમે ધીમે સમકિતનું વમન થતા મિથ્યાત્વની વૃદ્ધિ થવાથી તે મિથ્યાત્વી બની ગયો.**

પ. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) આપ કોણ છો? – **અર્જુનમાળી સુદર્શન શેઠને કહે છે.**

૨) શું હું પણ એક દિવસ મરી જઈશ – **થાવચ્ચા પુત્ર માતાને કહે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મન્યે **વરં હરિ હરાદય એવ દષ્ટા, દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્ય:, કશ્ચિન્મનો હરતિ નાથ!** ભવાન્તરેપિ।।

૨. યૈ: શાન્ત **રાગ રુચિભિ: પરમાણુભિસ્ત્વં, નિર્માપિત સ્ત્રિભુવનૈક લલામભૂત ।**
**તાવન્ત એવ ખલુ તે પ્યણવ: પૃથિવ્યાં, યત્તે સમાનપરં ન હિ** રૂપમસ્તિ।।

૩. નાસ્તં **કદા ચિદુપયાસિ ન રાહુગમ્ય:, સ્પષ્ટીકરોષિ સહસા યુગ પજ્જગન્તિ ।**
**નામ્ભોધરો દર નિરુદ્ધ મહા પ્રભાવ, સૂર્યાતિશયિ મહિમા સિ મુનીન્દ્ર !** લોકે।।

૪. **કો વિસ્મયોત્ર યદિ નામ ગુણૈરશૈષે, સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !**
**દોષૈરુપાત્ત વિવિધાશ્રય જાત ગર્વૈ:, સ્વપ્નાંતરેપિ ન કદાચિદ પીક્ષિતોસિ।।**